(૪૦)

**પ્ર.૧ (અ) નીચેના પાઠની પૂર્તિ કરો. (૧૨)**

૧. અતિક્રમ **વ્યતિક્રમ અતિચાર અણાચાર જાણતા અજાણતા** મન

૨. પુરિસુત્તમાણં **પુરિસસિહાણં પુરિસવર પુંડરિયાણં પુરિસવર** ગંધહત્થીણં **લોગુત્તમાણં** લોગ નાહાણં

૩. તહ **વદ્ધમાણં ચ એવંમએ અભિથુઆ વિહુય રયમલા પહીણ જરમરણા ચઉવીસં પિ** જિણવરા

૪. મણસા **વયસા કાયસા તસ્સભંતે પડિક્કમામિ નિંદામિ** ગરિહામિ અપ્પાણં

**(આ) નીચેના શબ્દોના ગુજરાતીમાં અર્થ લખો. (૬)**

| | જવાબ | | જવાબ |
|---|---|---|---|
| ૧. પયાસયરા | **પ્રકાશના કરનારા** | ૨. ન સોહિયં | **શુદ્ધતાપૂર્વક કર્યું ન હોય** |
| ૩. મોણેણં | **વચન દ્વારા મૌન રહીને** | ૪. આઈગરાણં | **શ્રુતધર્મની આદિ કરનારા** |
| ૫. મણસા | **મનથી** | ૬. પસીયંતુ | **પ્રસન્ન થાઓ** |

**(ઇ) નીચેના શબ્દોના મૂળ પાઠ (માગધી શબ્દ) લખો. (૭)**

| | જવાબ | | જવાબ |
|---|---|---|---|
| ૧. સ્પર્શ્યું ન હોય | **ન ફાસિયં** | ૨. રાગ–દ્વેષના વિજેતા | **જિણે** |
| ૩. મનથી પૂજિત | **મહિયા** | ૪. પોતાની જાતે સમ્યક્ બોધને પામેલા | **સયંસંબુદ્ધાણં** |
| ૫. અખંડિત | **અવિરાહિઓ** | ૬. ખરાબ વચન બોલાયા હોય | **વય દુપ્પણિહાણે** |
| ૭. કાર્યોનો | **જોગં** | | |

**(ઈ) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૦)**

૧. ભગવાનને શા માટે ગંભીર કીધા છે? ભગવાન પાસે શેની યાચના કરવામાં આવે છે?

**જ. ભગવાન સાગરથી પણ વધુ ગંભીર અને વિશાળ છે કારણ કે સાગરમાં ભરતી–ઓટ આવે છે, પ્રભુની ગંભીરતામાં ક્યારેય ઓટ આવતી નથી. ભગવાન પાસે આરુગ્ગ બોહિલાભં સમાહિવર મુત્તમં દિંતુ અને સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુની યાચના કરવામાં આવે છે**

૨. આલોચના અને પ્રાયશ્ચિત્ત કેવી રીતે કરવાનું છે? તે સામાયિકના કયા પાઠમાં બતાવ્યું છે?

**જ. સામાયિકમાં લાગતા દોષોને જાણવાના છે. જાણતા કે અજાણતા કોઈ પાપ–દોષ લાગ્યા હોય તો હૃદયપૂર્વક તેની આલોચના કરવાની છે અને ફરીથી તેવા દોષ ન લાગે તેવી જાગૃતિ સાથે પ્રાયશ્ચિત્ત કરવાનું છે. તે સામાયિકના આઠમા અતિચાર નિવૃત્તિ પાઠમાં બતાવ્યું છે.**

૩. નમોત્થુણંનું આસન કયું છે? તે કોનું સૂચક છે?

**જ. નમોત્થુણંનું આસન અર્ધવિરાસન અર્થાત્ જમણા પગને જમીન પર ઊંધો ઢાળીને, ડાબા પગને ઊભો રાખીને, બંને હાથ જોડીને – અંજલિબદ્ધ કરીને મસ્તકે લગાવીને બેસવું. તે અપ્રમત્તદશાનું સૂચક છે. તે ઉપરાંત શરીર વિજ્ઞાનની દ્રષ્ટિએ પણ અનેક લાભ થાય છે.**

૪. સામાયિકનો સાતમો પાઠ શેનો છે? તે શેનું પ્રતીક છે? તેના બીજા નામ શું છે? આ પાઠમાં શું છે?

**જ. સામાયિકનો સાતમો પાઠ નમોત્થુણં સૂત્ર છે. તે વીરતાનું પ્રતીક છે. તેના બીજા નામ શક્રસ્તવ અને પ્રણિપાત સૂત્ર છે. તેમાં અનંત તીર્થંકર ભગવંતો અને અનંત સિદ્ધ ભગવંતોના ગુણોની સ્તુતિ છે.**

૫. કરણ અને કોટિ એટલે શું? કોટિના પ્રકાર લખો.

**જ. કરણ એટલે ક્રિયા કરવાની પદ્ધતિ. કોટિ એટલે કરણ અને યોગના ગુણાકારથી આવતી સંખ્યા. કોટિના ૯ પ્રકાર – ૧) મનથી કરું નહિ ૨) વચનથી કરું નહિ. ૩) કાયાથી કરું નહિ. ૪) મનથી કરાવું નહિ. ૫) વચનથી કરાવું નહિ. ૬) કાયાથી કરાવું નહિ. ૭) મનથી અનુમોદન કરું નહિ. ૮) વચનથી અનુમોદન કરું નહિ. ૯) કાયાથી અનુમોદન કરું નહિ.**

**(૬) ખાલી જગ્યા પૂરો.** **(૫)**

| | **જવાબ** |
|---|---|
| ૧. સામાયિકની સાધના ...... સાધના છે, ...... ની સાધના છે. | **આત્મ, આત્મભાવની** |
| ૨. લોગસ્સનું બીજું નામ ...... અને ...... છે. | **ચતુર્વિંશતિ સ્તવ, ઉત્કીર્તન સૂત્ર** |
| ૩. સામાયિક એ ...... અને ...... ની સાધના છે. | **સમભાવ, સમત્વભાવ** |
| ૪. અતિચાર નિવૃત્તિ દ્વારા વ્રતને ...... અને ...... બનાવી શકે છે. | **શુદ્ધ, વિશુદ્ધ** |
| ૫. તીર્થંકર ભગવંતો આપણા ...... રૂપી ...... ના સારથી છે. | **ધર્મ, રથ** |

**(૨૦)**

**પ્ર.૨ (અ) સામાન્ય સમજણના આધારે માગ્યા પ્રમાણે જવાબ લખો.** **(૧૨)**

૧. વિહરમાન તીર્થંકર – ૮ મા **શ્રી અનંતવીર્ય સ્વામી** અને ૧૭ મા **શ્રી નેમપ્રભ સ્વામી**

૨. અભિગમ – ૧ લો **સચેતનો ત્યાગ** અને ૫ મો **મનની એકાગ્રતા**

૩. તત્ત્વ – ૪ થું **પાપ તત્ત્વ** અને ૮ મું **બંધ તત્ત્વ**

૪. નિઃસ્વાર્થ ભાવનાવાળાની ગતિ – **મનુષ્ય ગતિ**

૫. ઉત્કૃષ્ટ કક્ષાનો ભાવ – **સંવેગભાવ અને નિર્વેદભાવ**

૬. આચરવા જેવા તત્ત્વ – **પુણ્ય તત્ત્વ, સંવર તત્ત્વ અને નિર્જરા તત્ત્વ**

**(આ) નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૮)**

૧. નરક ગતિમાં કોણ જાય છે? તે કેવી ગતિ છે?

**જ. જેનામાં દયા ભાવ કે કરુણા ન હોય, અન્યને પીડા આપવામાં આનંદ આવતો હોય, જે અતિ સ્વાર્થી હોય, લોભી હોય, ક્રોધી હોય, ક્રૂર હોય, હિંસક હોય, ખૂબ પાપો કર્યા હોય તેવા જીવો નરકમાં જાય છે. તે અશુભ ગતિ છે.**

૨. ૨. ત્રીજા અભિગમનું નામ લખી વંદના ક્યારે કરવી જોઈએ? વાચિક પર્યુપાસના કેવી રીતે કરાય?

**જ. ત્રીજા અભિગમનું નામ ૩) અંજલીકરણ. સાધુ–સાધ્વીજીના દર્શન કરતા અને નવું જ્ઞાન શીખતી વખતે વંદના કરવી જોઈએ. વાચિક પર્યુપાસના – હે ભગવાન્ ! આ જ તથ્ય છે, આ જ સ્વીકૃત છે, ઈચ્છિત છે, સત્ય છે, સંદેહ રહિત છે, આ પ્રમાણે વચનો બોલવા.**

૩. વર્તમાન વિહરમાન તીર્થંકર કેટલા છે? ક્યાં છે? તેમના નામસ્મરણ કરવાથી શું થાય? તેમની આજ્ઞા ક્યારે લેવાની છે?

**જ. વર્તમાન વિહરમાન તીર્થંકર ૨૦ છે. મહાવિદેહ ક્ષેત્રમાં છે. તેમના નામસ્મરણ કરવાથી કર્મોનો ક્ષય થાય છે. તેમની આજ્ઞા સામાયિક લેતા પહેલા તથા અન્ય કોઈપણ ધર્મ આરાધના કરતા પહેલા લેવાની છે.**

૪. તત્ત્વ કેટલા છે? મોક્ષની પ્રાપ્તિ શા માટે કરવાની છે?

**જ. તત્ત્વ નવ છે. મોક્ષની પ્રાપ્તિ ૧) કર્મોથી મુક્ત શુદ્ધ–વિશુદ્ધ મારું સાચું સ્વરૂપ છે, તે માટે ૨) સર્વ દુઃખોથી છૂટવા માટે, ૩) મારા દ્વારા કોઈ જીવની હિંસા ન થાય, તે માટે કરવાની છે.**

**(૧૫)**

**પ્ર.૩ (અ) સંસ્કારના વિભાગને આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૧૦)**

૧. જૈનધર્મ શા માટે સત્ય છે? જૈનધર્મમાં શું મળે છે?

**જ. કેવળજ્ઞાની જેઓ ભૂત, ભવિષ્ય અને વર્તમાનને સંપૂર્ણ રીતે જાણે છે એવા ભગવંતો દ્વારા કહેવાયેલો છે, તેથી તે સંપૂર્ણ સત્ય છે. પાપ કર્મ અને પુણ્ય કર્મ કઈ રીતે બંધાય તેનું વિસ્તારપૂર્વક વર્ણન જૈનધર્મમાં જ મળે છે.**

૨. શુભ દિવસની શરૂઆત કેવી રીતે કરવી?

**જ. કોઈપણ દિવસની શરૂઆત માતા–પિતાના આશીર્વાદથી અને દેવ, ગુરુના દર્શનથી થાય તો સર્વશ્રેષ્ઠ દિવસની શરૂઆત પેરેન્ટ્સને પગે લાગી, પરમાત્મા અને ગુરુના દર્શનથી કરવી.**

૩. આત્માનું સ્વરૂપ કયા બોલ દ્વારા જાણવાનું છે?

**જ. ૧) આત્મા છે, ૨) આત્મા નિત્ય છે, ૩) આત્મા કર્મોનો કર્તા છે, ૪) આત્મા કર્મોનો ભોક્તા છે, ૫) મોક્ષ છે, ૬) મોક્ષના ઉપાય છે.**

૪. હું શરીર નથી તો હું કોણ છું?

**જ. હું શરીરથી ભિન્ન ચૈતન્ય સ્વરૂપ આત્મા છું. અનંતકાળથી દેહ અને આત્મા સાથે જ છે, માટે આપણે દેહ તે હું એમ માની લીધું છે કારણ કે આત્માને પાંચ ઈન્દ્રિયોથી જોઇ શકાતો નથી અને જે જોઇએ છીએ તે દેહ છે.**

૫. તિથિના દિવસોએ શા માટે પાપની પ્રવૃત્તિથી બચવું જોઇએ?

**જ. આપણા દિવસો આરાધનામય હોવા જોઇએ. દરેક પાપનો ત્યાગ કરવો જોઇએ, દરેક પાપથી બચવું જોઇએ. પરંતુ સંસારમાં રહેવાના કારણે રોજ દરેક પાપથી બચી શકાતું નથી એટલે પ્રભુએ કહ્યું કે, કમ સે કમ આ દશ દિવસ તો બને એટલા પાપની પ્રવૃત્તિથી બચવું જોઇએ. તે દિવસોમાં પ્રાયઃ આયુષ્યનો બંધ પડે છે.**

**(આ) નીચેના વાક્યો સાચા છે કે ખોટા? ખોટા હોય તે સુધારીને લખો. (૫)**

| | **જવાબ** |
|---|---|
| ૧. જૈન ફૂડ સૌથી ઓછી હિંસા દ્વારા તૈયાર થાય છે. | **સાચું.** |
| ૨. એક મહિનાની તિથિ ૧૪ છે. | **ખોટું. એક મહિનાની તિથિ ૩૦ છે.** |
| ૩. જૈનધર્મ જીવો અને જીવવા દો એમ કહે છે. | **સાચું.** |
| ૪. જ્યારથી સમય છે ત્યારથી આત્મા નથી. | **ખોટું. જ્યારથી સમય છે ત્યારથી આત્મા છે.** |
| ૫. જન્મદિવસ એટલે ખુશ થવાનો દિવસ. | **ખોટું. ખુશ કરીને ખુશ થવાનો દિવસ.** |

(૫)

**પ્ર.૪ ધર્મ અને વિજ્ઞાનના આધારે એક વાક્યમાં જવાબ લખો.**

૧. સંઘર્ષનું સમાધાન કેવી રીતે થાય?

**જ. પરસ્પરના વિચારોનો સ્વીકાર થાય તો સંઘર્ષનું સમાધાન થાય.**

૨. અપરિગ્રહનો સિદ્ધાંત આપણને શું બોધ આપે છે?

**જ. આપણી જરૂરિયાત અને ઈચ્છાઓ પર સંતુલન કરવાનું અને કોઇપણ વસ્તુ કે વ્યક્તિ પ્રત્યે મમત્વભાવ ન રાખવાનો બોધ આપે છે.**

૩. પરમાત્માએ શેમાં વધારે પાપ બતાવ્યું છે?

**જ. પરમાત્માએ ભાવ હિંસામાં દ્રવ્ય હિંસાથી વધારે પાપ બતાવ્યું છે.**

૪. કયા સિદ્ધાંતો વિશ્વશાંતિનું વાતાવરણ સર્જી શકે છે?

**જ. અનેકાંતવાદ, અપરિગ્રહ, અહિંસા આ ત્રણ સિદ્ધાંતો વિશ્વશાંતિનું વાતાવરણ સર્જી શકે છે.**

૫. આજથી કેટલા વર્ષ પહેલા પરમાત્મા મહાવીરે અમૂલ્ય બોધ આપ્યો હતો?

**જ. આજથી લગભગ ૨૬૦૦ વર્ષ પહેલા પરમાત્મા મહાવીરે અમૂલ્ય બોધ આપ્યો હતો.**

(૧૦)

**પ્ર.૫ વાર્તાના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. મરિચી નામ શા માટે રાખ્યું? તે કઈ નગરીમાં રહેતા હતા? તેમના દાદા-પિતાનું નામ લખો.

**જ. બાળકના શરીરમાંથી કિરણોની જેમ પ્રકાશ ફેલાતો હતો માટે મરિચી નામ રાખ્યું. તે ભરતક્ષેત્રની વિનીતા નગરીમાં રહેતા હતા. તેમના દાદાનું નામ ઋષભદેવ અને પિતાનું નામ ભરત ચક્રવર્તી હતું.**

૨. પ્રભુના કયા વચનો રોહિણેયના કાનમાં પડ્યા? તેમણે કોની પાસે દીક્ષા લીધી?

**જ. ૧) દેવના પગ ક્યારેય જમીનને અડે નહીં ૨) દેવોની આંખની પલક ક્યારેય ઝપકે નહીં ૩) દેવોની માળાઓ ક્યારેય કરમાય નહીં. તેમણે ભગવાન મહાવીર પાસે દીક્ષા લીધી.**

૩. મેઘ મુનિએ દીક્ષાના પહેલા દિવસે શું વિચાર કર્યો?

**જ. ગઈકાલ સુધી તો હું રાજકુમાર હતો, તો સર્વ કેટલું માન-સન્માન કરતા હતા. મારી સાથે સારી રીતે વાત-**

**ચીત કરતા હતા અને આજે મુનિજીવનની પહેલી જ રાતે આટલું બધું સહન કરવું પડ્યું.**

૪. કૃષ્ણ વાસુદેવે માર્ગમાં શું જોયું? તેમણે શું કર્યું?

**જ. કૃષ્ણ વાસુદેવે માર્ગમાં જોયું કે એક વૃદ્ધ, અશક્ત વ્યક્તિ ઈંટના ઢગલા પાસે ઊભી છે અને એક ઈંટ લઈને પોતાના ઘર પાસે મૂકી રહી છે. કૃષ્ણ વાસુદેવ હાથી પર બેઠા બેઠા જ હાથ લંબાવ્યો અને એક એક ઈંટ લઈ વૃદ્ધના ઘર પાસે મૂકી.**

૫. આજથી આપણે શું નિયમ લેશું?

**જ. જેટલી બને તેટલી સાધુ–સંતોની, વડીલોની અને અન્યોની સેવા કરશું, દુ:ખી–પીડિતોને શાતા પહોંચાડશું પુણ્યના ઉદયે મળેલા આ બંને હાથોથી અન્યોને સહાય કરશું, હેલ્પ કરશું.**

**(૧૦)**

**પ્ર.૬ નીચેના કાવ્યની પૂર્તિ કરો.**

૧. તુહ **સમ્મત્તે લદ્ધે, ચિંતામણિ કપ્પપાયવબ્ભહિએ,**
**પાવંતિ અવિગ્ઘેણં, જીવા અયરામરં ઠાણં.**
**ઈહ સંથુઓ મહાયશ, ભતિબ્ભર નિબ્ભરેણ** હિયએણ.

૨. રસાક્તિનો **ત્યાગ કરજે, તપમાં રમણતા ધરજે,**
**અભક્ષ્ય ભોજનથી, દૂર હંમેશા રહેજે,**
**એઠું કદી ના મૂકજે, રેંકડી પર કદી ના** ખાજે.

૩. હિંસા... **અસત્ય... ચોરીથી, દૂર મારે રહેવું છે,**
**મનલાયક ન થાય તો, લેટ ગો કરવું છે,**
**નાની એવી જિંદગીમાં, રાગ–દ્વેષ શા** કરવા છે.

૪. સંસ્કારી **પરિવાર મળ્યો, જન્મથી જૈનધર્મ જડ્યો,**
**ઉપકારી શ્રીસંઘ મળ્યો, ધર્મક્ષેત્ર જેવો મિત્ર જડ્યો,**
**સત્સંગ કરો વારંવાર, ભવને** સુધારી લ્યો.

**જય – જિનેન્દ્ર**